શ્રી વલસાડનાં દસ્તુર શીરોજી પેશુતનજીએ ચીનાઈ
ઠ. ઓકારીનાં ખરશનુમવાળા મોબેદો સાથે
ચલાવેલી અનઘટતી ચાલનો અહેવાલ.

હુમે જરથોશતીઓને વાંચી વાકેફ થવા સારૂ

છપાવી પરગટ કરનાર

શ્રી વલસાડનાં રેહવાશી

જામાશજી પાલણજી દસ્તુર

તથા

મોબેદ ભીખાજી બેહરામજી.

મુંબઈ મધે,

ધોબીતલાવ ઉપર નંબર ૭૭૦ વાળા ઘરમાં
વરતમાન છાપાખાનામાં છાપીઓછે.

સને ૧૨૪૬ યઝદજરદી.

સને ૧૮૭૭ અંગરેજી.

વલશાડનાં દશતુર ફીરોજી પેશુતનજીએ ચીનાઈની અગીઆરીનાં બરશનુમવાલા મોબેદો સાથે ચલાવેલી અનઘટતી ચાલનો એહવાલ.

વલશાડનાં દશતુર ફીરોજી પેશુતનજી સને ૧૨૪૦ ઈઅજદેજરદીનાં શાલમાં અતરેની હોરમજજી ભીખાજી ચીનાઈની અગીઆરીમાં બરશનુમ લેવા આવીઆ તીઆરે તેવણને ટરશટીઓના હોકમ વગર બરશનુમ નહી આપીઊ તથા તારબાદ શને ૧૨૪૫ ઈઅજદેજરદીના શાલમા ફરવરદીન મહીનાંમાં પોતાનાં ઘરમાં હમોને બાજ ઈજવા બોલાવીઆ તીઆરે હમો બાજ ઈજવા ગઆ નહી, તેથી તેવણ ગોશામાં આવી ગીઆ, અને જેઆરે તેવણથી બીજુ કાંઈ બની શકીઊં નહી તીઆરે તેવણે તરશટીઓ ઊપર પોતાની રૂ૩૦૦) ની આબરૂની ફરીઆદી માંડી અને જેવારે તે ફરીઆદીમાથી જેમ તેમ તેવણ છુટા થાઆ અને તરશટીઓનો પીછો છોડીઓ તીઆરે હમોએ તેવણને ઊપર લખીઆ પરમાણે બરશનુમ નહી આપીઊ તેથી વલી તેવણે હમારો દુંબાલો પકડીઓ અને હમારા ઊપર તરેહવાર તોહમતો મુકીઆં તે તોહમતોનો ખોલાશાવાર જવાબ હમારા તરફથી તરશટીઓએ પોતાને નાંમે તા૦ ૨૮ મી નવેમબર સને ૧૮૭૫ ને રોજે હેંડબીલની મારફતે જાહેર કીધો તેથી તેવણની ખાતરી થાઈ તે હેંડબીલ કાહડીઆને આજ આશરે અઢાર મહીનાં થાઈ ગઆ તોપણ તેમાં લખેલી બાબતો વીશે આજશુધી તેવણ કાંઈ બોલીઆ નથી. વલી તેવણ હમારે વીશે લોકોમાં હેવુ બોલવા લાગા કે સને ૧૨૪૩ ઈઅજદેજરદીનાં શાલનાં ખોરદાદ મહીનાંમાં ચીનાઈની અગીઆરીમાં ચોરી થાઈ તેથી અગીઆરીમાં વપરાતો આલાત અવાવ થાઓ તેથી બીજો આલાત હમો કાંહથી લાવીઆ—એ પરમાણે આલાત વીશે બાહારનાં બાહાર બોલતા ફરીઆ પણ તે વીશે પોતાને ખરે નામે હમો અગીઆરીનાં મોબેદોને અથવા તરશટીઓને આજશુધી પુછીઊ નહી. જો એ વીશેનો ખોલાશો તેવણે પુછીઓ હતે તો ઊપર લખેલાં તા૦ ૨૮ મી નવેમબર સને ૧૮૭૫ના છપાવેલાં હેંડબીલમાંજ એ બાબતનો ખોલાશો તરશટીઓ કરતે પણ જેઆરે તેવણે એ પરમાણે કીધુ નહી તીઆરે એ આલાત વીશેનો ખોલાશો દાંનેસમંદ શાહેબોની જાંણને માટે હમો નીચે કરીએ છેઈએ.

સને ૧૨૪૩ ઇઅજદેજરદીનાં ખોરદાદ મહીનાંમાં અગીઆરીમાં ચોરી થાઇ તે ચોરી કરનાર કોઇ હીંદુ દરવંદ નહી પણ એક અથોરનાન જરથોશતી હોવો જોઇએ, કેમકે જે પરમાણે હાલમાં ફીરોજી હમો અગીઆરીનાં મોબેદોનાં શતર થાઇ પડીઆછે તે પરમાંણે તે અથોરનાન જરથોશતી અગીઆરીના મોબેદોનો શતર હતો, તેણે એક મોબેદની બારીમાથ. રોકડા રૂપીઆ અને ખુરદો મલી આશરે રૂપીઆ પચીશનો અવેજ અને તેની સાથે ચાર નવા સદરા અને ચાર જાંહાંગીરી ટોપી ચોરી, અને એ શીવાએ બે આતશના પાતરાં કુવામાં નાખીઆં, અને એક કુવાના વરાપર મુકીઊ અને કુવામેનાં પાતરાંનાં કડાં સાથે દોરડાંનો એક છેડો બાંધી બીજો છેડો દાડમનાં જાહડ સાથે ટાંગીઓ. હાવી રીતના ચારા ઊપરથી સાફ માલમ પડેચ કે તે ચોરી કરનાર કોઇ દરવંદ નહી પણ આપણો અથોરનાન જરથોશતી હશે. હવે ફીરોજીને હમો પુછવા માંગીએચ કે અગીઆરીની એક બારીમાં ચાર રૂપીઆનુ પોટલુ મુકેલું હતુ, અને તેની સાથે બે નાંખલા બાંધલા શુનાંનાં કટકા હતા તે તમારો અવેજ બારીમાં અનાંમત રહેઓ તે અવેજ ચોરી થઆ પછી બીજે દાહડે મોબેદ ભીખાજી બેહરામજી વીગરેને દેખાડીને ફીરોજી કાહાડી લેઇ ગીઆ. હવે તે ચોરી કરનાર કોઇ હીંદુ દરવંદ હતેતો તે બારીનાંબી જાડા લેતે તેમતો તે ચોરે કીધું નહી, એ ઊપરથી ચોરી થવાઓ મજબુત શકબી પડેછે— પણ તેની મુનશફી વાંચનારા સાહેબોનેજ શોંપીએચ.

એક મરતબે આપણે એમ વીચાર કરીએ કે કોઇ હીંદુ દરવંદ અગીઆરીમાં ચોરી કરી ગઓ તેથી અગીઆરીમાં રાખેલા આલાત અવાવ થાઓ તો તે અવાવ થાએલા આલાતને આપણે કાહડી નાંખી બીજા આલાત અગીઆરીમાં કામ કરનારા મોબેદોને ઘેરે ઘેર રેહેછે, તે આલાત લાવીને અગીઆરીમાં કામ કરીએતો તેની કશી હરકત નથી. આપણી માફક બીજા પંથકોમાંબી અગીઆરીનાં કામ કરનારા મોબેદોને ઘેરે ઘેર આલાત રેહેછે. એ આલાત વીશે આપણે તાંહનાજ ફીરોજીને એક દાખલો આપીએચ કે સંવત ૧૮૭૫ના શાલમાં મરહુમ બેહેદ્દતી હોરમજી ભીખાજી ચીનાઇએ અગીઆરી બંધાવી, તારથી તે સવંત ૧૯૦૩ ના શાલ શુધી એટલેજે ૨૮ વરસ શુધી એ અગીઆરીમાં આતશ આદરાંન અથવા આતશ દાદગાહાં કાંઇજ નહી હતુ તે વખતે ફીરોજી પોતે અને ફીરોજીના બપાવા ફરદુનજી દશતુર અને ફીરોજીના કાકા દેમુલદાર દશતુર વીગરે બીજાઓ અગીઆરીમાં કામ કરતા હતા તેવારે કોઇને ઘેરની

ઇજશને, શરોશ, વંદીદાદ વીગરેનું કામ આવતું તેવારે ફીરોજી અને બીજાઓ પોતે અશતાંમાંનાં વારાણ, હોમ, વરસ, આતશ વીગરે શરવે ચીજ ઘરમાંથી અગીઆરીમાં લેઇ જતા, અને કામ પુરૂ થયા પછી શરવે ચીજ તેઓ પોતાને ઘેરે પાછી લાવતા. એ પરમાણે ફીરોજીનાં દાદા, કાકા અને બીજાઓએ કાંમો કીધેલાંછે તેમજ હમણાં ફીરોજીના કેહા પરમાણે અગીઆરીમાં ચોરી થાઇતો ઘરમાંથી શરવે આલાત લેઇ જઇને અગીઆરીમાં કાંમ કરીએતો તેમા કશી હરકત નથી તેનુ ફીરોજીને અજાએબ અને અનઘટતુ જેવુ શુ લાગું કે ફીરોજી ગામેગામ અને ઘેરે ઘેર આલાત આલાત બુમ મારતા ફરીઆ. એ અગીઆરીમા સવંત ૧૯૦૩ ના શાલથી શેઠ ખરશેદજી તથા શેઠ જાંહગીરજી હોરમજી ચીનાઇએ આતશ દાદગાહાં રોશન રાખેલોછે તારથી અગીઆરીમાં ચીનાઇની તરફથી એક મોબેદનુ જાથુક રેહવાનુ થાઇઊ તાંહાં શુધીતો એ અગીઆરીમાં મોબેદો દરરોજ દરૂન બાજ ઇજીને ઇજાર, તાએ, શાંકરી લેઇને પોતાને ઘેરે જતા, એ પરમાણે ફીરોજીએ પોતે અને બીજાઓએ અગીઆરીમા કામ કીધેલુંછે તે સઘલું ફીરોજી કેમ ભુલી ગીઆ, કે હાવી આલાત વીશેની શેહલી વાતને મોટું રૂપ આપી દીધુ, એ આલાત વીશે ફીરોજીથી એમ બોલતાં બોલાઇઊ ખરૂ, પણ હમણાં ફીરોજી પસતાવામાં પડીઆ, કાંકે ચોતરફથી અગીઆરીના ઇઓજદાથરેગરો ફીરોજીનાં હાવાં બેહુદાં બોલવાને ઘણુજ હશી કાહડેચ.

એ આલાત વીશે આપણે તાહનાં તેમજ બીજા પંથકના અથોરનાન ટોલાના રેવાજ રવઇઆ મુજબ હમે આ શાબેતી આપી તે છતાં સને ૧૨૪૩ ઇઅજદેજરદીના ખોરદાદ મહીનાંમાં અગીઆરીમાં ચોરી થયા પછી હમે હમારા ઘરમાંથી આલાત લાવી કામ ચલાવતે તો ચાલતે પણ તેમ હમે નહી કીધું કાંકે હમે એમ જાણતા હતા કે ફીરોજી હમોને અડચણ કરશે તેથી હમોએ નોશારીથી મરહુમ મોબેદ મીનોચેહર હોમજીના ખાંનદાના મોબેદ ફરામજી ખુરશેદજી શેઠની મારફતે આલાત મંગાવી કાંમ ચલાવીઊ અને એજ આલાતથી સને ૧૨૪૩ ઇઅજદેજરદીના તીર મહીનામાં બે તરણ છોકરાઓ નાવર થાઆ, તારબાદ એજ આલાતથી ફીરોજીની શાથવાલા મોબેદોએ એજ શને ૧૨૪૩ નાં શેહરેવર મહીનાંમાં હમારે હાથનાં બરશનુમ લીધાં અને એજ આલાતથી ફીરોજીની શાથવાલા અંધીઆરૂં રૂશતમજી ટેમુલજીએ પોતાની માએની નીરંગદીન કરાવી તારબાદ એજ હમારા બરશનુમ અને આલાતથી ફીરોજીની શાથવાલાઓએ

પારશી ધનજીભાઈ ભુરાભાઈને ઘેરની એક હમાએશત કીધી અને બીજ હમારાં બરશનુમ અને આલાતથી પીરોજીની શાથવાલો પારશી ગોરાભાઈ કાવશજીએ પોતાનાં બાવા ગુજરીઆ તીઆરે શરોશનું કાંમ હમારી પાશે કરાવીઊ. હેવી રીતે હમારાં બરશનુમ અને નોશારીનાં આલાતથી પીરોજીની શાથવાલાઓએ કાંમ કીધું અને હમારી પાશે કરાવીઊ તેમજ બીજાં ઘણાએક બેહદીનોને તાંહનાં કાંમો હમારી પાશે કરાવેલાં છે.

હવે પીરોજીને હમો એટલું કેહવા માંગીએચ કે આગલ પીરોજી અને બીજાઓના વખતમાં એ ચીનાઈની અગીઆરીમાં ચોરીઓ થાએલી છે તેમાં શંવત ૧૯૦૪ ના શાલમાં અંધીઆરૂ ટેમુલજી માણેકજી મોહલાનાં બેહદીનોને ઘેરના વારાદાર હતા તે વખતે અગીઆરીમાં ચોખાં પાંણીની તાંમડી—કરશીઓ વીગરે મુકી ગઆ, તે વાંશણો બાજ ઈજવા પછી અગીઆરીમાં રહી ગએલાં હતાં તે રાતનાં કોઈ ચોરી લેઈ ગીઊ તે વખતે પીરોજી અને બીજાઓ અગીઆરીમાં કામ કરતા હતા, તારબાદ શંવત ૧૯૦૮ ના શાલમાં અંધીઆરૂ બરજોરજી જમશેદજીની વીધવાએ મોહરાં—હાવનીમ—લાલો વીગરે વાંશણો અગીઆરીમાં મોબેદોને વાપરવા આપેલા તે અગીઆરીમાંથી રાતના કોઈ ચોરી લેઈ ગીઊ તે વખત પીરોજી અને બીજાઓ અગીઆરીમા કામ કરતા હતા, તારબાદ શંવત ૧૯૧૮ ના શાલમાં એક બરશનુમવાલા મોબેદનુ સુવાનુ બીછાનું અનાંમત અગીઆરીમાંથી રાતના કોઈ ચોરી લેઈ ગીઊ તે વખતે પીરોજી અને બીજાઓ અગીઆરીમાં કાંમ કરતા હતા, તારબાદ શવત ૧૯૨૯ના શાલમાં અડગાંમવાલા પારશી શાપુરજી શોરાબજીની પીરોજીએ નીરંગદીન કીધી, તે નીરંગદીનનું કામ પરવરદીન રોજે તમામ કીધું અને તે નીરંગદીનના નવાં વાશણમાંનાં બે મોટા કરશીઆ અગીઆરીમાંથી કોઈ ચોરી લેઈ ગીઊ, તે વખતે પીરોજી અને બીજાઓ અગીઆરીમાં કામ કરતા હતા, તારબાદ અગીઆરીમાં આતશ દાદગાહની કાઠી શુખડ અને એડીઆંનીતો ઘડી ઘડી બુમો પડતી હતી એ વાત ખરી છે કે કેમ?

હવે પીરોજીના કેહ્યા પરમાણે અગીઆરીમાં છેલી ચોરી થવાથી વપરાતો આલાત હરાંમખોર દરવંદો અપવીતર કરી ગીઆ, તેવારે આએ ઊપર જણાવેલા વરશોમાં પીરોજી અને બીજાઓના વખતમાં અગીઆરીમાં ચોરીઓ થાએલી છે તેવારે તે વખતે અગીઆરીઓ વાપરવાનો નવો આલાત પીરોજી અને બીજાઓ કાંહાથી લાવીઆ હતા ? કાંકે શાવ

ત ૧૯૦૪ ના શાલથી તે શંવત ૧૯૨૭ નાં શાલ શુધી એટલે ૨૪ વરશનાં અરશામાં ફીરોજી અને બીજાઓનાં છોકરાઓ નાવર મરાતબ થાઆ અને નીરંગદીન, હુમાએશત, વરશીઆજી વીગરેના અશો રવાંનોનાં ફીરોજી અને બીજા મોબેદોએ કેટલાંક કાંમો કીધાં તે કાંમો ફીરોજી અને બીજાઓએ કીહા પંથકથી નવો આલાત મંગાવી કીધાં ! ના નહી—ફીરોજી અને બીજાઓએ કોઇ ઠેકાણેથી નવો આલાત મંગાવી કાંમો કીધાં નથી, કાંકે તે વખતે શંઘલા કાંમ કરનારા મોબેદો હુમારી માફક એમ જાણતા હતા કે અગીઆરીમાં ચોરી કરવા કોઇ હીંદુ દરવંદ આવે નહી—માટે બીજા પંથકથીતો શું પણ ઘરમાંથીબી આલાત લેઇ જઇને અગીઆરીમાં કાંમો કીધાં નથી મગર શરેશતા પરમાંણે અગીઆરીમાં જે આલાત રેહતો હતો તેજ આલાતે કાંમો કીધેલાં છે અને તે કાંમ કરનારામાંના મોબેદો હાલ હઇઆત છે તેમાંના બે તરણ મોબેદો હાલ ફીરોજીની તરફેણમાં છે તેમજ બે તરણ મોબેદો હુમારી તરફબી છે. હેવી રીતની ચોરીઓ દરએક ઠેકાંણેથી અગીઆરીઓમાં થાએછે. હાવી રીતે ફીરોજી અને બીજાઓના વખતમાં અગીઆરીમાં બનેલું છે તે શંઘલું જાણવા છતાં ફીરોજીએ હુમારા ઉપર દુશમનીથી ખોટાં તોહમતો મુકી નાહક બીજા જરથોશતીઓનાં દીલમાં વસવશો પેદા કીધો; એ કામ જે શખશ દશતુર નાંમ ધરાવતો હોએ તેનાથી થાએજ નહી.

આલાત વીશે આ પરમાંણે હુમારી પાશે શાબેતી છે, એ વાત ફીરોજી જાણતા હતા તેથી ફીરોજીનો કાંઇ ઉપાએ રહેઓ નહી, તેવારે ફીરોજી અને તેવણની શાથવાલાઓએ ચીનાઇની અગીઆરીમાં એક બીજું તડ્ડુ પાડવાની ગોઠવણ કીધી. હુમારાપર નહી ફાવેઆ તારે ફીરોજીને આ ગોઠવણ કરવાની અગત પડીકે હુમો ચીનાઇની અગીઆરીનાં શાબેત બરશનુમ વાલા મોબેદો હોવા છતાં ફીરોજી પોતે અને તેવણની શાથે બીજા તરણ મોબેદો મલી ચેઆર જન ઉદવારે બરશનુમ લેવા ગીઆ અને ફીરોજીની તરફેનવાલાઓએ ઉદવારાની અનજુમન ઉપર એક મેહજર કરી આપીઓ, કે જાણે તે મેહજર વલશાડના બેહુ મોહલાની અંનજુમનો છે પણ જો ખરૂં પુછાવોતો તે મેહજર પારશીઓના બે મોહલામાંથી કોઇબી મોહલામાં કોઇબી દાહડે અંજુમન મલી કરી આપીઆમાં આવેલો નહી હતો. મગર પંદર દાહડા શુધી બચારા ફીરોજીને મોટાબાઇનાં મોહલાનાં કેટલાએક પારશીઓને ઘેર ઘેર શહી લેવાને ફેરા ખાવા પડીઆ, ને શહી હેવી રીતે લીધી કે એક ઘરમાં એક બાપના બે

ચાર છોકરા હોએતો તે શઘલાઓ પાશે ગશડાવી લીધી. એમ કરી તે મેહેંજરમાં ઘણી શરમી રાહીનો વધારો કરીઓ.—હાવી રીતે તે મેહજર થાએલો છે અને તેની ખબર ઊદવારાની અંનજુમંનનાં મેમબરોને આગલથી થાએલીબી હતી તે છતાં તે મેહજર ઊપર ઊદવારાનાં મેમબરોએ ખોદા માલમ કે કેવી રીતે ભરોશો રાખીઓ.—વલી ઊદવારેવાલાઓએ ચાર પાંચ વરશ થાઆં હેતું પણ નીશચે કરેલું કે વલશાડવાલાઓ શાથેઆપણને ભાગ હીશા બાબે વાંધો છે તે વાંધો મટી જાએ તોજ વલશાડવાલાઓને અગવડ વખતે બરશનુમ આપવું હેતું નીશચે કરેલું હતું તે કાંમ ઊદવારે વાલાઓએ પોતે પોતાને હાથેજ તોડી ખુશાંમત રાખીને હમો ચીનાઇની અગીઆરીમાં બરશનુમ વાલા મોબેદો હતા તે છતાં પેલા ચેઆર જણને ઊદવારે વાલાઓએ બીજાં બરશનુમ આપીઆં જેથી ચીનાઇની અગીઆરીમાં બીજુ તડુ પડીઊં; તેથી હમો નહી ધારતા અને કોઇ નહી કહી શકશુ કે એ કાંમ ઊદવારે વાલાઓએ ભલુ કીધુ. હવે આપણાં ધરમ પરમાંણે તો જે દશતુર હોએ તેનાંથી બરશનુમ નહીં લેવાતું એમ કેહેચ, અને ફીરોજીતો ઊદવારેનાં દશતુરની દશતુરીથી ઊદવારેનાં બરશંગાહમાં બરશનુમ લેવા બેઠા તેવાર ફીરોજીનો દશતુરી હોધો કાએમ રહેઓ હશે કે કેમ? તેનો ખોલાશો ધરમની રૂએ ફીરોજીને કરવો જોઇએ. ઊદવારેથી બરશનુમ લેઇને ચેઆર જણ રોજ ૧૯ મો માહ ૬ થો શને ૧૨૪૫ ઇઅજદેજરદીને રોજે વલશાડ આવીઆ તેવાર પછે વલશાડથી ચેઆર પાંચ ગાઊ પર એક ડુંગરી કરીને ગાંમ છે તે ગામમાં એક ફરાંમજી કરીને પારશી રેહતો હતો તેની ધણીઆંની શુનાંબાઇ રોજ ૨૪ મો માહ ૬ થોને દીને (ચેઆર જણ ઊદવારેથી બરશનુમ લેઇને આવીઆ પછી છઠે દાહાડે) રાતનાં ૯ કલાકે ગુજરી તેનો વડો છોકરો પોતાની માએની આગલ અડકીને શહવાર સુધી બેશી રહેલો હતો. હવે તે એખલો અડકીને બેઠેલો તેથી આપણા ધરમ પરમાણે તેને "રીમન" થાએલો ગણવો જોઇએ તે "રીમન" આપણાં ધરમનાં ફરમાંન અથવા રવઇઆ પરમાંણે કીરીઆથી પાક થવો જોઇતો હતો. તેમ તે પાક નહી થાએલો પણ શાધારણ રીતે બીજે દાહડે શહવારના નાહીને તેનાં પંથકી ફીરોજીને ઘેરે આવીઓ અને ફીરોજીની આગલ પોતાની માએના ગુજરવાની શરવે હકીકત કહી અને કહીઊ કે હું તો નાહીને હીઆં આવીઓ પણ તાંહાં એક બીજું માંણશ અડકીને બેઠેલું છે તેવાર ફીરોજીએ એક તરફ પેલા "રીમન" થાએલા પારશીને શેઠ સોદાભાઇનાં મોહલામાં ખાંધીઆઓને બોલાવવાને વાસતે મોકલીઓ તે

ખાંધીઆઓને લેઇને ડુંગરી ગઆ અને બીજી તરફ ફીરોજીએ પોતાનાં છોકરાને શેઠ દાદાભાઇ ફરાંમજી પાશે મોકલીઆ અને શેઠ દાદાભાઇને ફીરોજીએ હેવુ કેહવડાવીઊ કે ડુંગરીવાલા ફરાંમજીની ધણીઆંણી ગુજરી તાંહાં ડુગરીમાં રીમન થાએલાછે તેને નવાડવાને વાસતે તમારી અગીઆરીનાં મોબેદને મોકલો, તેવારે શેઠ દાદાભાઇએ જવાબ દીધો જે ડુંગરી શુધી લાંબે માહરા મોબેદને હું મોકલી શકતો નથી પણ તે "રીમનો" ને હીઆં વલશાડ લાવોતો તેને પાક કરવાને માટે હું માહરા મોબેદને હોકમ કરૂં, હેવા શખુન શેઠ દાદાભાઇને મોહડેનાં શાંભલીને ફીરોજીનો છોકરો પાછો આવી ઊપલી હકીકત ફીરોજીને કહીને તેબી ડુગરી ગઓ.

હવે ડુંગરીથી પેલા રવાંનને અવલ મંજલ પોહચાડવાને વાસતે વલશાડ દુખમાં આગલ લાવીઆ, ધારા પરમાંણે તે અશો રવાંનને દુખમે પોહચાડીઊ. હવે તે ગુજરનારને ઘેરનાં "રીમનો વીગરે શંઘલાં માંણશો તેની ચાર દાહડાની કીરીઆ કરવાને વાશતે વલશાડ પારશી જીવણજી રતનજીને ઘેરે આવીઆ, ધારા પરમાંણે પંઠકી ફીરોજીએ ચાર દાહડાનું શઘલું ભજણું કીધું પણ પેલાં "રીમનો"ને પાક કરવાની પંથકી ફીરોજીએ તેમજ કોઇ બીજા જરથોશતીએ તે વખતે કાંઇ દાદ લીધી નહી. તે "રીમન" ની વાત એમની એમજ ગબરી ગેઇ તેની ચારમ વોતા પછી માહોમાહે ચરચા ચાલી, એમ કરતાં એક દાહડે પેલો "રીમન" થાએલો પારશી ડુંગરીથી વલશાડ પોતાનાં કામ શર આવેલો તે વખતે શેઠ શાપુરજી દાદાભાઇની વાડીમાં આશરે આઠ દશ જણ એકઠા બેઠેલા હતા તાંહાં તે પારશીને બોલાવીને પુછીઊ કે તમારાં માએ રાતનાં ગુજરીઆં તેવારે તમે તે વખતે શું કીધું ? તે બોલીઓજે હુંતો તેવણની આગલ અડકીને બેઠેલો હતો. તેવારે ફરીથી પુછીઊ કે તમે અડકીને બેઠેલા હતા તેથી તમે તો "રીમન" થાઆ માટે તમોને કોઇ મોબેદે "રીમન" નવાડીઆ? તે બોલીઓ જે મારાં માએને ગુજરવાને આજે શતર દાહાડા થાઆ પણ મને કોઇ મોબેદે નવાડીઓ નથી, તેવારે પેલા પુછનારાઓની ખાતરી થાઇ અને તે "રીમન" પારશીને ખરોજ "રીમન" જાંણી તેહને તેજ વખતે શેઠ મોટાભાઇની અગીઆરીનાં માલેકની રજા લેઇને તેવણનીજ અગીઆરીનાં મોબેદ પાશે ધારા પરમાંણે તેને "રીમન" નહવડાવી પાક કીધા. એ પારશીને પાક કરવાનું કામ ફીરોજીની તરફેણવાલાઓની નજરમાં વાજબી નહી આવીઊ તેથી તેઓ પેલા "રીમન" નહવાડનાર મોબેદને

બરશનુમથી દુર રાખવા ગયા, પણ વાજબીની રાહે તે અગીઆરીનાં ખુદ માલેકની આગલ તેવણનું કાંઇ ચાલીઊ નહી એમ કરી શતર દાહડે એક માણસ તો રીમન નાહીઊ પણ પેલું બીજું માણશતો આજ શુધી એમનું એમજ ગબરી ગીઊ.

આ ઊપર લખેલી "રીમન"ની વાત ખરી છે કે ખોટી તેને વીશે હુમો એ દસતુરજી ફીરોજી ઊપર નીચે જણાવીઆ પરમાંણે તરણ કાગજો રેજી શટર કરીને મોકલીઆં, તે કાગજો આ નીચે આપીએ છેઇએઃ–

"ફીરોજી પેશુતનજી દશતુર જોગ—

ભાઇ શાહેબ,

"ધરમની તાશુબીને લીધે હમોને આ પતર લખવાની એટલા વાશતે અગત પડી છે કે ડુંગરી વાલા પારશી ફરાંમજીનો ધણીઆંણી શુનાબાઇ રોજ ૨૪ મો માહ ૬ ઠો શને ૧૨૪૫ ઇઅજદજરદીને દીને રાતનાં આશરે ૯ કલાકે ગુજરી તે વખતે તેની આગલ તેનો છોકરો દીનશા કરાને છેતે અડકીને બેઠેલો હતો. એમ કેવામાં આવેછે, તેથી તેને આપણા ધરમ પરમાંણે "રીમન" થએલો ગણવો જોઇએ, તેતો તમોબી શારી પેઠે જાણોચ, તે "રીમન" શખશ બાજે દાહડે શવારે આપણી દીનનાં ફરમાંન અથવા રવાઇઆ પરમાંણે ફીરીઆથી પાક થવો જોઇતો હતો, તેમ તે પાક નહી થએલો પણ શાધારણ રીતે નાહીને તમારે ઘેર આવીઓ અને તમારી આગલ તેની માએનાં ગુજરવાની શરવે હકીકત કહેલી એમ કેહવાએછે તેથી એ વાતની આપણાં લોકોમાં ઘણી ચરચા ચાલલી તે તમોનેબી ઇઆદ હશે, વલી જે વખતે એ "રીમન" શખશ તમારા ઘરમાં આવેલો તે વખતે તમોને બરશનુમ હતું અને 'તે'તમે બાજા મોબેદો સાથે અગીઆરીમાં વાપરતા હતા માટે એ "રીમન" વીશેનો ખોલાશો તમારેથી હમો જાંણવા માંગીએચ કે એ "રીમની આલાયશ" પોંહચી હોએતો હેનું કેમ અને શી રીતે કરવું જોઇએ?

દશતુરજી બીજાં દીન મહજબના કાંમ કરતાને આ "રીમની" નશશ ભરેલાં કાંમનો જેમ બને તેમ જલદી ખોલાશો કરવો જોઇએ, જો એ વાત ખરી હોએ તો તમો એમ જાંણજો કે તમો પોતાને અને તમારાં મત પરમાંણે અગીઆરીમાં કાંમ કરનારા બરશનુમ વાલા મોબેદોને થોડા જોખમમાં મેલીઆ નથી, માટે મેહરબાંની કરીને એ વીશેનો ખોલાશો દીન ૮ માં હમોને લખી જણાવશો તો હમો તમારો મોટો આભાર માનીશુ, એજ અરજ. રોજ ૧૬ મો માહા ૧ લો શને ૧૨૪૬ ઇંઅજદેજરદી.

બાઇ શાહેબ હમો છેઇએ તમારા દીનદોશત,
જામાશપજી પાલણજી દશતુર.
મોબેદ ભીખાજી બેહરાંમજી."

ઉપર જણાવેલાં રેજીશટર કાગજનો ફીરોજી તરફથી હમોને કાંઇ જવાબ નહી મલીઓ તેવારે ફરીથી હમે નીચે પરમાંણે એક બીજો રેજીશટર કાગજ મોકલીઓ.

“ શ્રી વલશાડ રોજ ૨૭ મો માહા ૧ લો શને ૧૨૪૬ ઇ૦

ફીરોજી પેશુતનજી દશતુર જોગ જત આજ અગીઆર દાહાડા થાઆ તમારી ઉપર રેજીશટર કાગજ મોકલીઓ તેનો હજુર શુધી તમે કાંઇ જવાબ લખીઓ નથી માટે તે કાગજમાં લખેલી “રીમની આલાયશ” વીશેનો ધરમની રૂએ ખોલાશો લખશો તો હમો તમારો ઉપકાર માંનીશું એજ અરજ.

શાહેબ હમો છઇએ તમારા દુઆગો,

જામાશપજી પાલણજી દશતુર

મોબેદ ભીખાજી બેહરાંમજી”

એજ બાબતને લગતો તરીજો કાગજ રેજીશટર કરીને મોકલીઓ.

“વલશાડ રોજ ૧૦ મો માહ ૨ જો, ૧૨૪૬ ઇજ્દજરદી.

ફીરોજી પેશુતનજી દશતુર જોગ જત તમારા ઉપર આજ ૧૪ દાહડા થાઆ રેજીશટર કાગજ મોકલીઓ તેનોબી જવાબ તમે લખીઓ નથી માટે હવે હમો એમ જાંણીએચ કે પેહલાં કાગજમાં લખીઆ પરમાંણે “રીમની આલાયશ” થાએલી છે ખરી અને તેને તમો શાહેબે કબુલ રાખી, તોપણ હજુરબી એ “રીમની આલાયશ” વીશેનો ખોલાશો ધરમની રૂએ તમારેથી હમો જાંણવા માંગીએચ માટે મેહરબાંની કરીને એ વીશેનો ખોલાશો દીન ૪ માં હમોને લખી જણાવજોજી, નહી તો પછે હમોને જેમ સલાહ મલશે તેમ હમો કરશું, તેનો જોખમ તમારા શર પર રેહશે. એજ અરજ.

શાહેબ હમો છેઇએ તમારા દીનદોશત,

જામાશપજી પાલણજી દશતુર

મોબેદ ભીખાજી બેહરાંમજી”

ઉપર લખીઆ પરમાંણે તરણ રેજીશટર કાગજો હમોએ ફીરોજીપર મોકલીઆં તેઓમાંનાં એક કાગજનોબી જવાબ હમારા ઉપર આજ શુધી જેવો તેવો પણ આવીઓ નથી. અને હજુર હમણાંબી એ “રીમની આલાયશ” વીશેનો ધરમની રૂએ દશતુર ફીરોજી પાશે હમો ખોલાશો માંગીએચ. ફીરોજી ઉપર તરણ રેજીશટર કાગજો મોકલી “રીમન” વીશેનો ધરમની રૂએ ખોલાશો માંગવાની હમોને એટલા વાશતે અગત પડી કે

કેટલાએક શખશો હમોને હેવુ કેવા લાગા કે તમારાં બરશનુમ અને આ બાત શાબેતછે તે હમો શારી પઠે જાંણીએચ પણ આએ કજીઓ ભાંજવા ને વાશતે હમો તમોને ભલાંમણ કરીએચ કે તમો ફીરોજીને હાથનાં બરશનુમ લેઓ એટલે કજીઓ ભાગી જાએ, તેવારે હમે આ "રીમન"ની બાબત ગાંમમાં ચુથાએલી હતી તે ખરી છે કે ખોટી તેને માટે ફીરોજી પાશે તરણ કાગજો લખી ધરમની રૂએ ખોલાશો માંગીઓ, પણ ફીરોજી એ કાંઈ ખોલાશો કીધો નહી તેવારે હમોને ખરેખર શક ઊતપંત થાઓ તેથી હમે ફીરોજીને હાથનાં બરશનુમ લેવાથી હાથ ઊઠાવીઓ. જારે ફીરોજીએ જાંણીઊ કે તેવણને હાથનાં બરશનુમ લેવાનાં નથી તીઆરે ૨ બેને નોશારી મીનોચેહુર હોમજીની દરેમેહુરથી બરશનુમ લીએ હેવુ જાંણીને ફીરોજી અને તેવણની શાથવાલાઓએ નોશારી મીનોચેહુર હોમજીનાં ચાર શાથવાલાઓ ઊપર—આલાત—વરશીઆજી—અને કુશતીનાં લર બાબત કાગજ ૧) રોજ ૧૧ મો માહ ૧ લો શને ૧૨૪૬ ઇઅજદેજરદી ને રોજે લખી તે શાહેબોને વેહમ વશવશામાં નાખીઆ, તે વેહેમ વશવશો દુર કરવાને માટે હમારા શાઠ ઘેરનાં મોહલા વાલાઓએ એક કાગજ ઊપલા મીનોચેહેર હોમજીનાં ચાર શાથવાલા શાહેબો ઊપર તા૦ ૧૯ મી ડીશેમબર શને ૧૮૭૬ ને રોજે મોકલીઓ, અને એ ચાર શાથવાલા મોબેદોને હાથે બરશનુમ લેવાનું હમોને પેશતરથી લાગતું વલગતું હતું તો પણ આ હીંગામમાં હમે બરશનુમ લેવાની એ ચાર શાથવાલાઓને ઇછા બતાવી નહી.

જારે હમોને બરશનુમની અગત પડી તીઆરે હમે હમારા કદીમ તરીકા ઊપર ચાલીઆ, એટલે નોશારીનાં ભગર શાથનાં મોબેદોની વડી દરેમેહુરનો આશરો લીધો અને નોશારીનાં રેવાજ પરમાંણે દશતુરજી અને દેશાઈજી શાહેબની રજાથી હમો ભીખાજી તથા ફોકરા બેહરાંમજી ને વડી દરેમેહુરમાં મોબેદોએ બરશનુમ આપીઆં, તે ખબર વલશાડ મધે ફીરોજી અને તેવણની શાથવાલાઓને થવાથી તેઓની તરફથી ૪ જણ નોશારી આવીઆ, તે મધે પારશી ગોરાભાઈ કાવશજી, પારશી એદલજી દેશાઈ, પારશી કોલાભાઈ જમશેદજી અને અંધીઆરૂ પેશતનજી ફરાંમજી ટીલીઆ એટલા જણ આવીઆ અને રોજ ૯ મો માહા ૭ મો તા૦ ૨૭ મી મારચ ૧૮૭૭ ને રોજે વડી દરેમેહુરમાં અંનજુમન બેઠી તાંહાં મોબેદ ભીખાજી અને ફોકરા બેહરાંમજી વીશે ઊપલા શખશો અંનજુમનમાં હેવુ બોલવા લાગા કે—વલશાડથી આવેલા મોબેદોને તમારી વડી દરેમેહુરમાં

બરશનુમ આપીઆં છે તે કાંમ વલશાડ ખાતેનાં કેટલાએકોને નાપસંદ છે, અને બેહેરાંમજી છોકરો જે કીરીઆથી નાવર થઆ છે તે કીરીઆ બરોબર નહી હતી અને જારે તે નાવર થએલો બરાબર નથી તીઆરે તે છોકરો આતરે મરાતબ થવા આવીઓ છે તેબી બરાબર શાબેત ગણાએ નહી.

હેનાં જવાબમાં અંનજુમન તરફથી તેઓને હેવુ જણાવામાં આવીઊ કે હમારી વડી દરેમેહર અને વડા પંથક તરફથી હમેશે કોઈબી જગાનાં કે પંથકના મોબેદોને બરશનુમ વીગરેની કીરીઆ કરવાને અટકાવ થતો નથી પછે તેઓ પોતાનાં પંથકમાં જઈને ગમે તે કરે તે શાથે હમારે કશુ લાગતુ વલગતુ નથી, એ કાંમ જેમ અવલથી હમારે તીઆં ચાલે છે તેમ એ મોબેદ કરે તેમાં હમોને વાંધો નથી, તેવારે વલી ઉપલા શખશોએ કહીઊ કે જે છોકરો મરાતબ થવા માંગે છે તેની નાવરની કીરીઆ બરોબર થાઇ નથી, તેવારે અંનજુમન તરફથી મોબેદ ભીખાજીને બોલાવી પુછવામાં આવીઊ કે તમોએ તમારા છોકરાને નાવર કીધો તે કેહવી કીરીઆ આલાતે કીધો તેનો ખોલાશો કરો, તેવારે મોબેદ ભીખાજી બોલીઆ કે માહરા છોકરાને નાવરની કીરીઆ કરવાનું બરશનુમ નોશારીની મીનોચેહર હોમજીની દરેમેહરનાં મોબેદ ફરાંમજી ખુરશેદજીની સાથે મેં આપીઊ હતું, અને એ કીરીઆ કાંમનો આલાતબી તીઆંનોજ હતો.

તેવારે વલશાડનાં દશતુરની તરફેણવાલાઓને શ્રી નોવશારીની અંનજુમન તરફથી હેવુ કેવામાં આવીઊ કે જે આલાતથી મજકુર મોબેદે પોતાનાં છોકરાને નાવર કીધો છે, તે બરોબર નહી હોએ તો તે વીશેની પુરવારી તમો તમારા અશલ દશતાવેજોથી આપો, તેમજ ભીખાજીનેબી અંનજુમન તરફથી જણાવામાં આવીઊ કે તમે તમારા કેહવાની શાબેતી અસલ દશતાજોથી બતાવો, એમ કરવાને બંને ખોરદુવાલાઓ કબુલ થઆ. હવે અશલ દશતાવેજોની નકલો દશતુરની તરફેણવાલાઓએ અંનજુમનને શવાધીન કીધી–એટલામાં નોશારીનાં જે મોબેદે નાવરનું બરશનુમ આપીઊ હતું તે મોબેદ ફરાંમજી ખુરશેદજી મીનોચેહર હોમજીનાંને અંનજુમને બોલાવીઆ, તેથી તેવણ અંનજુમનમાં હાજર થાઆ, તેઓને પુછવાથી તેઓએ જણાવીઊ કે મજકુર છોકરાને નાવરનું બરશનુમ મેં આપીઊ હતું અને તે કીરીઆનો આલાતબી હમારે તાંહાંથી મોકલીઆમાં આવીઓ હતો. એ વીશેના અશલ દશતાવેજો ફરાંમજીએ રજુ કરી આથી તે મધેનાં બે ચાર દશતાવેજો અંનજુમને જોઈ તપાશી તેઓને પાછા

આપીઆ, અને કહીઊ કે બંને બોરદુવાલાઓ પોતાનાં અશલ દશતાવેજો બતલાવે તે વખતે તમોને અંનજુમન બોલાવેતો એ દશતાવેજો તમોએ રજુ કરવા. એટલુ કાંમ થયા પછે બને બોરદુવાલાઓને તાકીદે પોતાનાં અશલ દશતાવેજો શાથે હાજર કરવા જણાવી અંનજુમન બરખાશત થાઇ હતી.

તેવાર પછે ઊપલી શરત પરમાંણે બેહુ બોરદુવાલાઓ પોતાનાં અશલ દશતાવેજો શાથે તા૦ ૩૧ મી મારચ ૧૮૭૭ ને રોજે નોશારી મધે વડી દરેમેહરમાં અંનજુમન બેઠી તાંહાં હાજર થયા હતા. એ વેલાએ વલશાડથી દશતુરની તરફેણવાલા નીચે જણાવેલા શખશો પારશી વીકાજી શાપુરજી, પારશી પેશતનજી બમનજી મુનશી, પારશી પેશતનજી કાવશજી, પારશી કાવશજી મુગાજી, પારશી એદલજી દેશાઇ, પારશી કોલાભાઇ જમશેદજી, પારશી શાપુરજી નથુ કબાલા, પારશી ગોરાભાઇ કાવશજી, અંધીઆરૂ રશતમજી કાવશજી રૂહીઇઆ, અંધીઆરૂ હોરમજી ફીરોજી, અંધીઆરૂ ફરાંમજી ફીરોજી, અને અંધીઆરૂ હોરમજી બેહરાંમજી હાજર થાઆ હતા. અને બરશનુમમાં બેઠેલા મોબેદ ભીખાજી મજકુરની તરફથી તરશટીઓ શેઠ હોરમજી પેશતનજી અને મોબેદ જમશેદજી પેશતનજી હાજર થયા હતા— તે વખતે જે દસતાવેજો બંધે તરફવાલાઓ પાશે પોત પોતાની શાબેતીને શારૂ માંગવામાં આવીઆ હતા તે દશતાવેજોની તપાશ કરવાનું કાંમ જારી થાઇઊ. એ વખતે વલશાડની એક અરજી લાંની દશતુરની તરફેણવાલાઓની વાંચવામાં આવી હતી તે અરજીમાં એવી મતલબ જણાવેલી કે મોબેદ ભીખાજી અને છોકરા બેહરાંમજીને તમારી વડી દરેમેહરમાં બરશનુમ નહી આપવું હતું. તેના જવાબમાં નોવશારીના અંનજુમન તરફથી હેવુ જણાવામાં આવી ઊ કે બરશનુમ કીરીઆ નથા આલાતને માટે હમારી વડી દરમેહરનાં દરવાજા ખોલા છે વાશતે હવે જે વીશે ભાંજગડ છે તે રજુ કરો, અને મજકુર બરશનુમમાં બેઠેલા મોબેદનાં છોકરાને કેહવી અને કેહવા આલાતની કીરીઆથી તન પાકનું બરશનુમ આપીઊ તે જણાવો.

એ ઊપરથી મજકુર મોબેદનાં વીરૂધ વાલાઓ તરફથી હેતું જણાવામાં આવીઊ કે રોજ ૨૭ મો માહા ૨ જો શને ૧૨૪૩ ઇઅજદેજરદી ને દીને મજકુર મોબેદનાં છોકરાએ તન પાકનું પેહલુ બરશનુમ વલશાડ ખાતે લીધુ હતુ તેને દન આઠ થયા પછી બરશનુમ દેનારમાંનો એક મોબેદ બાહેર ગયો હતો, તેથી બરશનુમ આપનાર બેમાંનો એકજ મોબેદ

બાકી રહેઓ હતો જે હાલમાં મોબેદ જીખાજી બરશનુમમાં બેઠેલા છે, અને તે છોકરાનો બાપ થાયછે, આએ વાત અંનજુમનને વાંધા ભરેલી નહી જણાઆથી આગલ કામ ચલાવતાં વલી ટરશટીઓ તરફથી હેવુ જણાવામાં આવીઊ કે છોકરાએ તન પાકનું બરશનુમ લીધા પછે એક મહીનો ગુજરવા પછે અગીઆરીમાં ચોરી થાઇ હતી તર પછે દાડા દાહડા રહી મજકુર છોકરાને બીજુ નાવરનું બરશનુમ આપીઆમાં આવીઊ જે મધેનાં મોબેદોમાં મજકુર છોકરાનો બાપ તથા નવશારીની મીનો ચેહેર હોમજીની દરેમેહરનાં એક મોબેદ ફરાંમજી ખુરશેદજી હતા, તેમને નોશારીથી બોલાવીઆમાં આવીઆ હતા. આએ વાતબી અંનજુમનને વાંધા ભરેલી નહી જણાઆથી આગલ કાંમ ચલાવતાં દશતુરની તરફેણવાલાઓ હેવુ કેહવા લાગા કે અગીઆરીમાં ચોરી થાઇ તેથી અગીઆરીમાંનો આલાત અપવીતર થવો જોઇએ તેથી તે અપવીતર આલાતે નાવરનું બરશનુમ લીધેલુ શાબેત કેમ ગણાએ ? હેનાં જવાબમાં તરશટીઓ તરફથી હેવુ જણાવામાં આવીઊ કે જેમ નોશારીથી મોબેદને બોલાવીઆ તેમ તાંહથી આલાતબી મંગાવીઆ હતા જે વીશે ગેઇ બેઠકમાં મોબેદ ફરાંમજી ખુરશેદજી હાજર થાઇ શાબેતી આપી ગઆ છે તે સાથે જે આલાત તેવણે નોશારીથી મોકલીઆ તેની શાથે લખી આપેલું કાગજ પણ અંનજુમનમાં વાંચી શમજાવીઆમાં આવેલુ છે એ મધે મજકુર આલાત મોકલનાર મોબેદે કાગજમાં હેવુ જણાવેલું હતું કે—તમારા માંગવાથી મોબેદ શોહોરાબજી બેહરાંમજી પાશે આલાત મોકલીઆ છે તે ઓની મેહનતનાં રૂ૫) તમે આપજો અને હમો એકુ બે દાહાડામાં તમારા તરફ આવશું, એ રીતે ગેઇ બેઠકમાં મજકુર ફરાંમજી શાબેતી આપી ગઆછે. હેનાં જવાબમાં દસતુરની તરફેણવાલાઓએ હેવુ કહીઊ કે મજકુર મોબેદ નવશારીથી આવીઆ, એ ખરૂં પણ આલાત તેવણે મોકલીઆ એ વાત નહી માનીઆમાં આવે હેવી, જુઠી છે, તેવારે અંનજુમન તરફથી હેવુ જણાવામાં આવીઊ કે મજકુર આલાત મોકલનાર મોબેદ આએ અંનજુમનની બેઠકમાં ખોલી રીતે પોતે કહી ગઆ છે કે આલાત મારા તરફથી મોકલવામાં આવીઆ હતો, તેવારે દસતુરની તરફેણવાલાઓએ હેવુ કહીઊ કે નોશારીથી આલાત મોકલીઆ નથી તેના પુરાવાનો હમારી પાશે કાગજ છે તેવાર તે કાગજ અંનજુમને જોવા માંગીઆ તે જોઇ વાંચીને દશતુરની તરફેણવાલાઓને અંનજુમન તરફથી હેવુ કેવામાં આવીઊ કે નોશારીથી આલાત મોકલેલો ખરો છે. એ વાત આએ

તમારાજ કાગજ ઉપરથી શાબેત થાએછે અને એ વાત માંનીઆમાં આવે હુવી શાચી છે તે કરતાં જે ધપથી તેઓએ દશતુર ફીરોજીનાં કાગજનો જવાબ લખીઓછે અને તે દસતુર ફીરોજીએ મંજુર રાખેલો જણાએછે, માટે અંનજુમન હુવો ઠરાવ કરેછે કે મોબેદ ફરાંમજી ખુરશેદજી જે પેહલે દાહડેની અંનજુમનની બેઠકમાં અશલ કાગજોનાં પુરાવા શાથે શાખશી આપી ગઆ છે તે ઉપર આએ અંનજુમન તરફથી કશી રીતે શક નાંખી શકાતો નથી.

વલી તરશટીઓ તરફથી હેવુ કેહવામાં આવીઉં કે નોશારીથી આવેલા આલાતે દશતુરની તરફેણવાલાઓએ એક નીરંગદીન અને એક હુમાએશત કીધી, હવે એમાં વાંધો શું રહેઓ, તેવારે દશતુર ફીરોજીનો છોકરો હોરમજી બોલીઆ જે, હા નીરીંગદીન કીધી ખરી, પણ તેહને હુમાએ ઢોરી નાંખી, એ શખુન શાંભલતાં અંનજુમનમાં કેટલાએકોને કમકમાટ છુટો અને અંનજુમન તરફથી હોરમજીને હેવુ કેહવામાં આવીઉં કે અગર નીરંગદીન ઢોરી નાંખી, પણ હુમાએશત તથા બીજાં રવાંનોનાં કાંમો કીધાં તેનું તમે શું કાધું ? તેવાર હોરમજી કાંઈ બોલીઓ નહી. એટલુ થઆ પછે અંનજુમને હેવુ નીશચે કરીઉં કે દસતુરની તરફેણવાલાઓએ મરાતબ થનાર છોકરા વીશે જે વાંધો ઉઠાવીઓ છે તે વાંધો બીલકુલ ખોટો છે તેથી છોકરાને મરાતબ કરી આપવો હેવુ નીશચે કરી અંનજુમન બરખાશત થાઈ હતી.

હવે દશતુરની તરફેણવાલા ઉપર જણાવેલા ૧૨) શખશો નોશારીથી નાઉમેદ થાઈને વલશાડ આવીઆ અને તાંહાં વલશાડમાં ચીનાઈની અગીઆરી છે તે અગીઆરી બાંધીઆને આજ ૫૮ વરશ થાઆં તે અગીઆરીની અંદરની તો કોઈને ખબર નહી પણ કોઈ દાહાડો તે અગીઆરીનો ઉંબરબી જોએલો નહી તેહવા શખશો બીજે મોહલેનાં પા માઈલને છેટનાં રેહનારા જેહને ચીનાઈની અગીઆરી શાથે કશું લાગતુ વલગતુ નથી તેહવા ગણતરીના શખશો ચીનાઈની અગીઆરીમાં દશતુર શીરોજી શાથે બેશી વાદી અને પરતીવાદીબી પોતેજ થાઈને એક તરફી એક લખાણ કીધું અને તે લખાંણનાં ઘણામાં ઘણાં શવા કુંડી હુંડબીલ છપાવીઆં, અને તે હુંડબીલની ઉપર નહી કોઈ વજનદાર પારશીનું નાંમ કે નહી દશતુર ફીરોજીનું નાંમ, પણ તેની ઉપર શીરોજીનાં છોકરા હોશંગજીનું નામ છે કે જે છોકરાને દીન દુનીઆંની કશી ખબર નથી. હવે હમો દશતુ

૨ ફીરોજી અને તેવણુની શાથવાલાઓને પુછવા માંગીએચ કે હોશંગજી નાં નાંમનાં હુંડબીલ કારવાનું કારણ શું ? જારે ફીરોજીનું બોલેલું ખરૂંજ છે તેવારે ફીરોજીને પોતાનું નાંમ છુપાવવું નહી જોઇતું હતું, ફીરોજી કાંએ નહી પોતાને ખરે નાંમે બાહેર પડીઆ ? તે હેંડબીલ એક મીતર થી હમોને મલીઊ તેહને મથાલે મોટા હરફે આ પરમાંણે લખેલું છે. "વલશાડનાં દશતુરજીએ બોલાવેલી અંનજુમનનો એહવાલ" જારે દશતુર જીએ અંનજુમન બોલાવી તીઆરે હોશંગજીનાં નાંમનાં હેંડબીલ શું કાંમ કાહાડીઆ ? એમ દશતુરજીને શરમાવાનું કારણ શું ? હવે હમો ફીરોજીને પુછવા માંગીએચ કે શંવત ૧૯૦૬ નાં શાલમાં તમે દસતુર થાઆ તેને આજ ૨૮ વરશ થાઆં. એ ૨૮ વરશના અરશામાં કોઇ દાહાડે પણ બીજે મોહલેનાં પારશીઓને બોલાવી ચીનાઇની અગીઆરીમાં તમે બેઠા હતા ! તથા તે ગણતરીનાં પારશીઓને બોલાવી ચીનાઇની અગીઆરીમાં બેશવા નો તમોને કેટલો અધીકાર છે ? અંનજુમન કાંહાંની ? અને કીહા મોહલા ની ? એ અંનજુમન બાબે ફીરોજી પોતે વાકેફ છે, તે છતાં હેંડબીલનું મથાલુ ઊલટુંજ લખીઊ તેનો ખોલાશો દાનેશમંદ શાહેબોને માટે હમો નીચે જણાવીએ છે.

વલશાડમાં પારશીઓનાં બે મોહલા અને બે અગીઆરી છે, એક મોહલામાં હોરમજી ભીખાજી ચીનાઇની અગીઆરી છે, બીજા મોહલામાં મોટાભાઇ શાપુરજીની અગીઆરી છે, એક મોહલામાં આશરે શાઠ ઘેરની વશતી છે, બીજા મોહલામાં આશરે અડીશો ઘેરની વશતી છે. એ બેહુ મો હલા વાલાઓને એજ ફીરોજીને લીધે ઇશવી શને ૧૮૫૫ માં મોટો જગડો થઓ હતો. અને ફીરોજીની વીરૂધ બે ચાર પારશીઓએ ચોપાંનીઊ પણ કાહાડેલું છે. તે ચોપાંનીઊ કાહડનાર પારશીઓની સાથે ફીરોજી હમણાં મલી ગીઆ. એ ઇશવી શને ૧૮૫૫ થી બેહુ મોહલા વાલાઓની અંનજુ મન જુદી જુદી થાએલી છે, બેહુ મોહલાવાલાઓને કાંઇ અગતનું કાંમ પડેતો પોત પોતાનાં મોહલામાં અંનજુમનનાં તેડાં ફેરવીને મજકુર અ ગીઆરીઓમાં બેશી કામ કરે, તેમજ હમારા આશરે શાઠ ઘેરનાં મોહ લાવાલા ફીરોજી શાથે ઇશવી શને ૧૮૬૧—૧૮૬૨—૧૮૬૩—૧૮૭૨ માં એ પરમાંણે ચાર પાંચ વખત ચીનાઇની અગીઆરીમાં બેશી કાંમો કીધેલાં છે, અને તે કાંમની નોધ જેમ હમારી પાશે તેમજ ફીરોજી પાશે પણ છે, એ આશરે શાઠ ઘેરની વશતીવાલાઓની અંનજુમન જુદી છે તેનો એક બીજો દાખલો આપીએચ કે હમેશનાં રાબેતા પરમાંણે ઊદવારાની અન

જુમન તરફથી હમારી શાઠ ઘેરની અંનજુમન ઉપર છપાવી શને ૧૮૬૫-૬૬—અને ૧૮૭૨ માં અનજુમન તરીકેનાં કાંમ જોગ કાગજો આવેલા છે, તેમજ વળી અડીશા ઘેરની અંનજુમન ઉપર ઊદવારેથી જુદા કાગજો મોકલેલા છે. એ પરમાંણે બેહુ મોહલાની અંનજુમન જુદી જુદી છે. હુવા વહીવંટ આજ બાવીશ વરશ થાઆં ચાલતો આવેલો પીરોજી જાંણે છે, પણ હમણાં તે અડીશા ઘેરનાં મોહલાનાં કેટલાએક પારશીઓની મદદ લેવાની પીરોજીને એટલા વાશતે અગત પડી કે એ શાઠ ઘેરનાં મોહલાનાં કેટલાએક લોકો શાથે હમણાં પીરોજીને અંદર પોહચતા નથી માટે કેટલાએક પારશીઓ શાથે પીરોજી મલી જાઇને તેને પીરોજીએ અંનજુમનનું રૂપ આપીઊ પણ એ અંનજુમન કેહવાએજ નહી, હુવી નામની અંનજુમનને કોઇ વજન આપેજ નહી.

ખરૂ પુછાવેતો આજ બાવીશ વરશ થાઆ બેહુ મોહલાવાલાઓને એકઠા થવાનો અંનજુમન તરીકેનો શંબધ છેજ નહી, માટે પીરોજીએ જે હુંડબીલના ઊપર અંનજુમન બોલ વાપરીઓ તેને હમો કબુલ રાખતા જ નથી. બેહુ મોહલાની અંનજુમન જુદી છે એટલુતો વલશાડના શરવે ખાશોઆંમ પારશીઓને રોશન છે, માટે હાલ હમો એ અંનજુમન બોલ બાબે વધારે બોલી શકતા નથી પણ હવેથી બનતી જોગવાઇએ તે હુંડબીલમાં શમાવેલી બીજી બાબતો ઊપર ધીઆંન પોહચાડીશું.

પીરોજી અને તેવણની શાથ વાલાઓએ અકટોબર ૧૮૭૬ માં એક તારીખનાં શાઠ શાઠ શહીનાં તરણ મેહજરો બનાવીઆ, તેમાંનો એક મેહજર મુંબઇની પારશીની પંચાતનાં અકાબર શાહેબો ઊપર મોકલીઓ, બીજો મેહેજર શેઠ કાવશજી દીનશાજી એડણવાલા શાહેબ ઊપર મોકલીઓ. તીજો મેહજર નોશારી ઓનોરેબેહેર હોમજીનાં ચાર શાથ વાલા મોબેદો ઊપર મોકલીઓ, એ મેહજરોમાં હમારે વીશે પીરોજીએ હેવુ લખીઊ છેકે હમો (ભીખાજી તથા જામાશજી) બેહુ જણને અંજુમને દુર કરેલાછે. હવે પીરોજીને હમો એટલુંજ પુછવા માંગીએચ કે તમારી અંજુમન કેહી? અને કીહા મોહલાની! જો ખરા પરકારથી અંજુમન તરીકે કાએદાશર તે મેહજરો લખાએલા હતેતો ઊપલે તરણે ઠેકાંણેથી દશતુર પીરોજી અને તેવણની સાથવાલાઓને તેનો પાછો જવાબ મલતે પણ તે મેહજરો એક તરફી લખાએલા તેથી ઊપલા શાહેબોએ બોદા જાંણે કીહા રદી કાગજોની સાથે તે મેહજરોને નાંખી દીધા હશે. હવે હમોને કોઇએ દુર કરેલા નથી પણ હમો શાહાદી ગમી અને દીન દુનીઆંની શરવે મીજલસમાં શરેશતા પરમાંણે

સાંભેલ છેઇએ, જે શખશો મોટી મમત કરી હમોને દુર કરવા ચાહુછે તેવણનીજ સાથે હમે ઘણે ઠેકાણે ઘમખારનાં જશન, નાવર, નવજોત, ઊઠમણાં અને કજાની મીજલસમાં બેશતા આવીઆ છેઇએ તેનાં પુરાવા હમારી પાશે ઘણાંછે, પીરોજી અને તેવણની સાથવાલા ફકત સાત આઠ પારસીઓએ દુશમનીથી ઊપલા મેહજરોમાં હમારાં નાંમ સાથે જે વીશેશન લગાડીઆંછે તે વીશે હવે પછે હમો વટતે ઠેકાંણેની મદદ લેઇને કાએદાશર ઊપાએ લેઇશું.

વલી મોબેદ જામાશજી પાલણજી ઊપર કુશતીનાં લર વીશે પીરોજીએ તોહમત મેલીઊં તેનો ખોલાશો તા૦ ૨૮ મી નવેમબર શને ૧૮૭૫ ને રોજે હેંડબીલમાં કીધેલોછે તોપણ તેનો વધુ ખોલાશો હમણાં હમોને મલીઓછે તેથી તે દાંનેશમંદોને માટે હમો નીચે જણાવીએ છેઇએ.

૧—પીરોજીની તરફેણવાલાઓએ પીરોજીની શલાહથી તા૦ ૨૨ મી આગશટ શને ૧૮૭૫ નાં "ઇઅજદાંપરશત" માં છપાવીઊ કે—

> "કુશતીનાં લર તે જે વેલા મેજનો ખુમચો લેઇ ફરવર
> "દીઆંનની શગડીમાં આવીઓ તે વેલા છુટા હતા."

૨—રોજ ૧૫ મો માહ ૧ લો શને ૧૨૪૧ ઇઅજદેજરદીને રોજે પીરોજી દશતુરે મુંબઇ તરશટી વીગરેઓ ઊપર કાગજ મોકલીઓ તેમાં પીરોજી પોતે લખેચ કે—

> "જામાશજી પાલણજી ગીઆ ૧૨૪૪ નાં શાલે આદર મા
> "શનાં ફરવરદીન રોજે પાછલા પોરનાં ફરવરદીઆંન
> "આવતાં તે ભાઇની કુશતીનાં લર છુટા દગલીની નીચે
> "આગલનાં ભાગમાં હમોએ જોઆ હતા."

૩—રોજ ૭ મો માહ ૩ જો શને ૧૨૪૫ ઇઅજદેજરદીને રોજે ૧૦ જણાએ શહી કરીને કાગજ ૧) નોશારી મીનોચેહેર હોમજીનાં ચાર શાથવાલા મોબેદો ઊપર મોકલીઓ તેમાં પીરોજી લખેચ કે—

> "રોજ ૧૯ મો માહા ૯ મો શને ૧૨૪૪ ને દને પાછલા
> "પોરનાં ફરવરદીઆંન જતાં મોબેદ જામાશજી પાલણજી
> "ની કુશતીના લર છુટા હતા તેનાં લર બીજા મોહલા
> "નાં મોબેદ બેહદીનોએ બંધાવીઆ."

૪—રોજ ૨૦ મો માહા ૪ થો શને ૧૨૪૫ ઇઅજદેજરદીને રોજે ૧૭ જણાએ શહી કરીને કાગજ એક ઊદવારે મોકલીઓ તેમાં ફીરોજી લખેચ કે

"વલી બરશનુમવાલા મોબેદના કુશતીના લર છુટેલા હતા
"તે ઘણાં કદમ ચાલ હાલ કરી તે લર મોહટે મોહલેનાં
"બુજોરગ મોબેદે તેને કહી બંધાવીઆ".

૫—રોજ ૧૧ મો માહા ૧ લો શને ૧૨૪૬ ઇઅજદેજરદીને રોજે કાગજ ૧) નોશારી મોબેદ મીનોચેહેર હોમજીનાં ચાર શાથવાલા મોબેદો ઊપર મોકલીઓ તમાં ફીરોજી લખેચ કે—

"મોબેદ જામાશજી પાલણજીની કુશતીનાં લર ઇઅજદેજ
"રદી ૧૨૪૪ નાં આદર માશનાં ફરવરદીન રોજે ફરવર
"દીઆંન જતાં છુટા થાએલા હતા તે લર હમારે તાંના
"બુજોરગ મોબેદે બંધાવીઆ તથા બીજા મોબેદ અને
"દશતુરજીએ છુટા પણ જોઆ હતા."

૬—ફીરોજીએ પોતાનું નામ છુપાવી પોતાનાં છોકરા હોશંગનાં નાંમનાં હેંડબીલ છપાવીઆં તે હેંડબીલમાં ફીરોજી લખેચ કે—

"મોબેદ જામાશપજી પાલણજી રોજ ૧૯ મો માહા ૯ મો
"શને ૧૨૪૪ ઇઅજદેજરદીને દીને પાછલા પોરનાં ફરવર
"દીઆંનમાં આવીઆ તેની કુશતીનાં લર હાલચાલ થતાં
"છુટેલા હમોએ તથા મોબેદ શાપુરજી ઇજીઆરજી કંથડ
"નાંએ વીગરે જોઆ હતા તથા મોબેદ ડોશાભાઇ બી
"ખાજી ઠંઠડનાંએ તેને દેખડાવી કહીને બંધાવીઆ હતા."

ઊપર લખેલા છ જાતનાં લખાંણમાનાં પેહલા આંકનું લખાંણ ફીરોજીની શહલાથી મોબેદોએ છપાવીઊ કે મેજનો ખુમચો લેઇ શગડીમાં આવીઓ તીઆરે લર છુટા હતા. બીજાં આંકનું લખાંણ ફીરોજીએ પોતે મુંબઇ તરશટીઓપર કીધું તેમાં તેઓ લખેચ કે ફરવરદીઆંન આવતાં એટલે જે દુખમાં આગલ જતાં રશતામાં કુશતીનાં લર છુટા ડગલીની નીચે હમોએ જોઆ હતા. હવે આ પેહલા અને બીજા આંકનાં ફીરોજીનાં લખાંણમાં આશમાંન અને જમીનનાં જેટલો ફરક છે, એ બે આંકનાં લખાંણમાનાં કીઆ આંકના લખાંણમાં શચાઇ છે!

વલી તીજા આંકનાં લખાંણમાં ફીરોજી લખેછ કે કુશતીનાં લર છુટા હતા તે બીજા મોહલાનાં મોબેદ બેહદીનોએ બંધાવીઆ તે મોબેદ બેહદીનોએ છુટા કીએ ઠેકાંણે જોઆ ? અને કાંહાં બંધાવીઆ ? રશતામાં કે શગડીમાં ? ઇઆ શગડીની બાહેર ? કાંકે બીજા આંકમાં ફીરોજી લખેછ કે **"ફરવરદીઆંન આવતાં એટલે જે રશતામાં છુટા લર મે જોઆ"** તારે હવે રશતામાં છુટા જોનારા એખલા ફીરોજી અને તીજા આંકમાં ફીરોજીનાં લખીઆ પરમાંણે બંધાવનાર બીજા મોહલાનાં મોબેદ બેહદીનો. આએ ફીરોજીનાં લખવાનાં શું ઢંગ !

વલી ચોથા આંકનાં લખાંણમાં ફીરોજી લખેછ કે મોટે મોહલેનાં બુજરગ મોબેદે તેને કહી બંધાવીઆ. વલી પાંચમાં આંકનાં લખાંણમાં ફીરોજી લખેછ કે હમારે તાંહાંનાં બુજરગ મોબેદે એટલે જે દશતુરનાં મોહલેનાં બુજોરગ મોબેદે. હવે દશતુરનાં મોહલામાં બુજોરગ મોબેદ કોણ તેનું નાંમ શું ! મોટા મોહલાને મોટે મોલેનાં કરીને લખીઊ અને પાંચમાં આંકમાં હમારે તાંહાંનાં બુજોરગ મોબેદે કરીને લખીઊ એટલે જે ફીરોજી દશતુર રેહુછ તે મોહલો હવે તે મોહલામાં બુજોરગ મોબેદ કોણ છે ! કે તેણે જોઆ અને તેનું નામ શું ?

વલી છઠા આંકનાં લખાંણમાં ફીરોજી લખેછ કે ફરવરદીઆંનમાં આવીઆ અને બીજા આંકનાં લખાંણમાં ફીરોજી લખેછ કે ફરવરદીઆં ન આવતાં એજ પરમાંણે ઉપર જણાવેલા છ આંકનું ફીરોજીનું લખાંણ એક એકને વીરૂધ પડેછે એટલે એક એકથી જુદુ ઉલટું છે તીઆરે હવે ફીરોજીનાં કીઆ આંકનાં લખાંણ ઉપર ભરોશો લાવીએ ! વલી છઠા આંકનાં લખાંણમાં ફીરોજીએ બે મોબેદોનાં નાંમ આપીઆં. એ મોબેદોનાં નાંમ ૨૨ મહીને હમણાં ફીરોજીને લખવાનું શુંજ ઠાંહાંથી પડીઊ કાંકે ૧૨૪૪ નાં આદર મહીનાંની વાત તે હમણાં ૧૨૪૬ નાં મેહેર મહીનાં શુધી ગણતાં ૨૨ મહીનાં થાઆ એનાં દરમીઆંનમાં ઉપર જણાવેલે ઠેકાંણે નોશારી ઊદવારા વીગરે ફીરોજીએ કાગજો લખીઆં તે કાગજોમાં એ મોબેદોનાં બેલાં નાંમ તે વખતે ફીરોજીએ કાંએ નહી લખીઆં ? હવે ફીરોજીનાં તરીજા આંકના લખાંણ પરમાંણે બેહદીનોએબી જોઆ બંધાવીઆ તીઆરે તે બેહદીનો કોણ તેનાં નાંમબી આએ છઠા આંકમાં લખવાં જોઇતાં હતાં તે લખવાને ફીરોજી ભુલી કેમ ગઆ.

આ ઉપરથી દાનેશમંદો તુરત શમજી લેશે કે આએ કુશતીની વતા

ખરેખર પીરોજીએ બનાવટથી ઊભી કીધી છે, કંઈજ નહી પણ ફકત દુશમ
નીન ખાતર તે મોબેદને ખરાબ લગાડવાને વાશતે બનાવટથી ઊભી કી
ધી છે પણ તેમાં પીરોજી પોતે ફાવીઆ નહી. જો એક વાત શાચી હોએ
તો દશ ઠેકાંણે આપણે એકનો એક બોલ બોલશું અથવા લખશું પણ ખોટ
હોએતો તેમાં વારંવાર ફેર પડીઆ વગર રેહેજ નહી તેમ પીરોજીથી
એક વાત જુદે જુદે ઠેકાંણે જુદી જુદી રીતે ફેરફાર લખાઇ છે, જે
દશતુર નાંમ ધરાવતા હોએ તેનેથીં હાવી ખોટી વાત તો કદી બોલાએજ
નહી. દશતુર એ બોલની ખરી કદર અને એ બોલનો ખરો અરથ પીરો
જી જાણતા હતે તો આ ઊપર જણાવીઆ મુજબ કુશતીનાં લર વીશેની
વાત છ ઠેકાંણે છ તરાંની લખતે નહી.

વલશાડમાં કેટલાએક જાંણીતા, શમજુ અથોરનાંનો છે તેઓ કોઇ
દાહાડે એક પણ હરફ બોલીઆ નથી પણ બે તરણ નાવાકેફ તથા અગ
નીઆંન મોબેદો હેવુ બોલતા ફરેચ કે ભગર શાથનાં બરશનુમ લીધાં તે
કાંમ ઘણું ખોટું કીધું હાવું બોલનારાઓ ખરા અગનેઆંન હોવા જોઇએ.
પરથમ શંજાંણમાં મોબેદો શંઘલા શાથે રહેલા હતા તાંહાંથી મોબેદોનો
મોટો ભાગ નોશારી આવીને વશીઓ, તેવાર પછે નોશારીની આશપાશનાં
વશનારા બેહદીનોએ નોશારીની અંનજુમન ઊપર કાગજો લખી કાંમ પડવે
મોબેદની જોડ માંગતા ગીઆ, તેમ નોશારીની અંનજુમન તરફથી તે મો
બેદો સાથે ભાગ હીશાનો બંદોબશત કરી મોકલતા ગીઆ, તે વખતે ભગ
રીઆ અને શંજાણાં મોબેદો શઘલા શાથે નોશારીમાં રહેલા હતા અને
બંદોબશત પરમાંણે શંજાણાંઓને ઘેરનું શઘલું દીનઆઇનનું કાંમ—નાવર
મરાતબ—શરોશ—વંદીદાદ—ઇજશને—આફરીંગાંન—દરૂન બાજ વીગરે
નું ભગરનાં મોબેદો કરતા હતા તેનાં આજે રોશન આફતાબનાં જેવાં
મોહોર શાથનાં લખાંણો છે, નોશારીની અંજુમનનાં મોકલેલા બરશનુમ
શાથનાં મોબેદો આજ શુધી શંઘલે ઠેકાંણે અમલ કરેછે તેને આજે
મોટી મુદત ગુજરી ગઇતો શું થાઇઊ, પણ શઘલે ઠેકાંણેનાં મોબેદોનાં
બરશનુમ તે અવલ નોશારીની ભગર શાથની વડી દરેમેહેરનાંજ છે, તે
શેવાએનાં કોઇ બીજે ઠેકાંણેનાં બરશનુમ છેજ નહી, એ બરશનુમ બાબે
હમો એક દાખલો આપીએચ તે એકે બીજે ઠેકાંણેનાં શરવે મોબેદો કોઇ
કાંહાંથી બરશનુમ લીએચ અને કોઇ કાંહાંથી આલાત લાવેચ એમ એક
એકને બરશનુમ આલાત આપવાનો શંઘલાઓએ વેહવાર રાખેલો છે પણ
ભગર શાથનાં મોબેદો કોણને હાથનાં બરશનુમ લીએચ ? ના કોઇ બીજા

પંથકવાલાઓને હાથનાં બરશનુમ કે આલાત કદી લેતાજ નથી, માતરે પોતાની નોશારીની વડી દરેમેહરનેજ વલગી રહેલા છે. હીંદુશથાંનનાં બીજા મોબેદોને પોતે બરશનુમ આલાત આપેછે પણ કોઈનાં બરશનુમ કે આલાત પોતે લેતા નથી, તીઆરે હવે પેલા નાવાકેપ તથા અગનેઆંનોને હમો એટલુંજ પુછવા માંગીએચ કે એ બગર શાથનાં મોબેદો કેહવા? અને એવણનાં બરશનુમ કેહવાં છે? તેનો ખોલાશો જો તે નાવાકેપોમાં જોરી અત હોએતો શુખેથી કરે.

હવે આએ ટુક એહવાલ ખતમ કરતી વખતે શેવટે હમો એટલું કેહવા માંગીએચ કે શને ૧૨૪૩ ઇઅજદજરદીનાં વરશમાં દશતુર પીરોજીએ વરશીઆજી-કુશતીનાં લર—અને આલાત વીશે હમારા ઉપર ખોટી મુજામત કરી હતી તેને આજ ૧૨૪૬ ઇઅજદેજરદીનાં મેહેર મહીનાં શુધી ગણતરી કરતાં ૪૦ મહીનાં થાઆ. એ ૪૦ મહીને ઉપલી તરણ બાબતોનો હમારો ખરો અને વાજબી ઇનસાપ નોશારીની બગર શાથની અંનજુમને કીધો, જેમ દસતુર પીરોજી બોલતા હતા તેમ નહી પણ ૪૦ મહીને હમારો આલાત અને બરશનુમ નોશારીની મજકુર અથોરનાંન અંનજુમને શાબેત કરી દશતુર પીરોજીથી હમોને રસતગાર કીધા છે, તેથી હમો તે ધરમ ગુરૂઓનો મોટો ઉપકાર માંનીએ છેઇએ.

(શહી) જામાશજી પાલણજી દશતુર.

,, મોબેદ ભીખાજી બેહરાંમજી.